JSW Colouron+ | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સભરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ/પ્લાસ્ટીકના નાળવાળા/પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ ચોથ મંગળવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૫ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# છૂટક ફુગાવો 4.82 ટકા: આઠ મહિનાની ટોચે

**સતત** ત્રીજા મહિને છૂટક ફુગાવો આરબીઆઇની ઉપલી રેન્જથી ઉપર, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થયેલા વધારાની અસર

**શહેરી** વિસ્તારો કરતા ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી વધુ જણાઇ

**નવી દિલ્હી, તા. 14:** ઓગસ્ટ મહિનામાં છૂટક ફુગાવો વધીને 4.82 ટકા થયો હતો. જુલાઈમાં 4.45 ટકા હતો, જે આઠ મહિનાની ઉંચાઈ પર પહોંચ્યો હતો અને આરબીઆઈના લક્ષ્યાંક ચાર ટકાની ઉપર બંધ રહ્યો હતો. છૂટક ફુગાવો વધવા પાછળ ખાદ્ય ચીજોની ઉંચી કિંમત છે, જેથી લોકોના ઘરોનું બજેટ ખોરવાઇ રહ્યું છે. સીપીઆઇ એટલે કે છૂટક ફુગાવો સતત ત્રીજા મહિને આરબીઆઇના લક્ષ્યાંક 4 ટકાથી ઉપર રહ્યો છે. મે મહિનામાં તે 3.93 ટકા હતો. જુનમાં તે વધીને 4.38 ટકા અને જુલાઈમાં 4.45 ટકા થઇ ગયો હતો. ઓગસ્ટનો 4.82 ટકા આંકડો 2025 આધાર વર્ષ માટે નવી સીપીઆઇ શ્રેણીમાં આઠ મહિનામાં સૌથી વધુ છે. ઓગસ્ટ માટેના ફુગાવાના ડેટા એ છેલ્લો રિટેલ ફુગાવાનો ડેટા છે જે આરબીઆઈની આગામી નીતિ બેઠક પહેલા બહાર આવ્યો હતો. મોનીટરી પોલિસી કમિટીની બેઠક 5થી 7 ઓકટોબર દરમ્યાન યોજાશે. સપ્ટેમ્બરનો ફુગાવાના આંકડા 12 ઓકટોબરે આવશે. સરકારી આંકડા દર્શાવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી વધારે છે. ઓગસ્ટમાં ગ્રામીણ સીપીઆઈ ફુગાવો 5.23 ટકા રહ્યો હતો, જે જુલાઈમાં 4.84 ટકા હતો.

...અનુસંધાન પાના 4 પર




## જથ્થાબંધ મોંઘવારી દર પણ વધીને 9.92 ટકા થયો

**નવી દિલ્હી.** ખોરાક, ઈંધણ અને ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં વધારાને કારણે ઓગસ્ટ મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકઆંક (WPI) પર આધારિત મોંઘવારી દર વધીને 9.92 ટકા નોંધાયો છે, જે જુલાઈમાં 9.78 ટકા હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, 2022-23ના નવા આધાર વર્ષ સાથેની ડેટા શ્રેણીમાં ઓગસ્ટ મહિનાનો આ ફુગાવો બીજા ક્રમનો સૌથી ઉંચો આંકડો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યા મુજબ, મિનરલ ઓઈલ, ખાદ્ય ચીજો, મૂળભૂત ધાતુઓ અને રસાયણોના ભાવમાં થયેલો વધારો WPI વધવા પાછળનું મુખ્ય કારણ છે. ઓગસ્ટમાં ખાદ્ય ફુગાવો જુલાઈના 6.65 ટકાથી વધીને 7.05 ટકા થયો છે, જ્યારે ઉત્પાદિત વસ્તુઓ ક્ષેત્રે ફુગાવો 8.37 ટકાની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો છે. બળતણ અને વીજળી જૂથમાં જથ્થાબંધ મોંઘવારી દર જુલાઈના 20.05 ટકાથી ઝડપથી વધીને 22.93 ટકા પર પહોંચી ગયો છે. અર્થશાસ્ત્રીઓના મતે, પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને વૈશ્વિક ઉર્જા કિંમતોમાં ઉછાળાને

...અનુસંધાન પાના 4 પર

## UCC મુદ્દે NDAમાં આંતરિક ખેંચતાણ

**અમિત** શાહના '2029'ના દાવા સામે JDUમાં બે ફાટા, JDU નેતા સંજય ઝા અમિત શાહ સાથે ચર્ચા કરશે; શ્યામ રજાકે કહ્યું- 'બિહારમાં યુસીસી લાગુ કરવાનો પ્રશ્ન જ નથી'

**વિપક્ષ** RJDએ આક્રમક થઈ 'નફરતની રાજનીતિ'નો આક્ષેપ કર્યો, મુસ્લિમ મતબેંક અને સત્તાનું રાજકારણ ગરમાયું

**નવી દિલ્હી-પટના, તા. 14 (PTI):** દેશભરમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાના મુદ્દે સત્તાધારી એનડીએ (NDA)ના મહત્વના સહયોગી પક્ષ જનતા દળ (યુનાઈટેડ)ના નેતાઓના વિરોધાભાષી નિવેદનો સામે આવતા નવો રાજકીય વિવાદ છેડાયો છે.

રવિવારે મુંબઈમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દાવો કર્યો હતો કે 2029 પહેલાં તમામ 21 એનડીએ શાસિત રાજ્યોમાં યુસીસી લાગુ કરી દેવામાં આવશે. આ દાવાના બીજા જ દિવસે, સોમવારે જેડી(યુ)ના નેતાઓએ આ મુદ્દે અલગ-અલગ સૂર વ્યક્ત કર્યા હતા.

શાહના નિવેદન અંગે પૂછાતા જેડી(યુ)ના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝાએ સોમવારે દિલ્હીમાં જણાવ્યું હતું કે, રાજ્યોમાં યુસીસી લાગુ કરવાના મુદ્દે ચર્ચા કરવા માટે તેમની પાર્ટીનું નેતૃત્વ ટૂંક સમયમાં જ ગૃહમંત્રી અમિત શાહ સાથે બેઠક કરશે. બીજી તરફ, પટના ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા જેડી(યુ)ના વરિષ્ઠ નેતા શ્યામ રજાકે સ્પષ્ટ શબ્દોમાં દાવો કર્યો હતો કે, તેમની પાર્ટીએ સંસદમાં યુસીસી બિલનું સમર્થન કર્યું હોવા છતાં, બિહારમાં તેને લાગુ

...અનુસંધાન પાના 4 પર



## લંડનની થેમ્સ નદીના કાંઠે પ્રથમ વખત 'ગંગા આરતી'

**ચિન્મય** મિશનની 75મી વર્ષગાંઠે ઈકો-ફ્રેન્ડલી 'મહાઆરતી', હજારો લોકો મંત્રોચ્ચાર અને દીપમાળાના નાદે ઝૂમ્યા, હવેથી દર વર્ષે યોજાશે આ ઐતિહાસિક પર્વ

**લંડન, તા. 14 (PTI):** યુકેની રાજધાની લંડનમાં રવિવારે થેમ્સ નદીના કિનારે પ્રથમ વાર ઐતિહાસિક 'ગંગા આરતી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'ચિન્મય મિશન યુકે' દ્વારા તેની 75મી વર્ષગાંઠની વૈશ્વિક ઉજવણીના ભાગરૂપે અને વાર્ષિક 'ટોટલી થેમ્સ ફેસ્ટિવલ'ના સહયોગથી આ 'થેમ્સ પર ગંગા આરતીઃ એક પ્રકાશ ઉત્સવ' યોજાયો હતો, જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા.

ભારતમાં પવિત્ર ગંગા નદીના કિનારે યોજાતી વિશ્વપ્રસિદ્ધ આરતીની તર્જ પર લંડનના મધ્યમાં પ્રકૃતિ, જ્ઞાન અને ચેતનાના સતત વહેતા પ્રવાહના પ્રતીક રૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીનવિચ ખાતે જૂની રોયલ નેવલ કોલેજના ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર

...અનુસંધાન પાના 4 પર

ગુજરાતમિત્ર
મિચ્છામી દુક્કડમ્
આજે જૈન સંવત્સરીના પાવન પ્રસંગે ગુજરાતમિત્ર સૌને અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ પાઠવે છે.
- વ્યવસ્થાપક

## દિલ્હી ડાયરી



### બ્રિક્સ સમિટમાં 100% શાકાહારી ભોજન સમારંભ

ગયા અઠવાડિયે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ માટે એકઠા થયેલા વિશ્વના નેતાઓએ સમિટના મહાનુભાવો માટે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યોજાયેલા ભવ્ય રાત્રિભોજનમાં સમગ્ર દેશમાંથી લાવવામાં આવેલી વિશ્વ વિખ્યાત પરંપરાગત ભારતીય વાનગીઓની મજા માણી હતી. આ ભોજન સમારંભ મોદીની વ્યક્તિગત માન્યતાઓ અને શાસક પક્ષની રાજકીય વિચારસરણી અનુસાર સંપૂર્ણપણે (૧૦૦ ટકા) શાકાહારી હતો, જે એક અલગ બાબત છે. શાકાહારી વાનગીઓમાં ખાંડવી, મિલ ફ્યુઇ, કુંભ ગલોટીથી લઈને પનીર લબાબદાર, મિલેટ પુલાવ અને પરંપરાગત ભારતીય મીઠાઈઓ સામેલ હતી. સાંજના આ ભોજન સમારંભમાં પ્રાદેશિક સ્વાદ અને પરંપરાગત વાનગીઓને પ્રદર્શિત કરતું ખાસ તૈયાર કરાયેલ ભારતીય મેનૂ રજૂ કરવામાં આવ્યું હતું, તેની સાથે ભારત અને બ્રિક્સના અન્ય સભ્ય દેશોના ૧૦૦થી વધુ કલાકારોના જૂથ દ્વારા સાંસ્કૃતિક પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું. અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં

...અનુસંધાન પાના 4 પર

## સાઉદી અરેબિયાના મદિના નજીકથી ૧૧ કરોડ ટન કાચું યુરેનિયમ મળી આવ્યું

**મદિના** સ્થિત 'જબાલ સાયિદ' પ્રોજેક્ટ ખાતેના ઉત્ખનન અને અભ્યાસમાં ત્યાંની ધરતીમાં દુર્લભ ખનિજો અને યુરેનિયમની મોટી હાજરી જણાઇ



**રિયાધ, તા. 14 :** સાઉદી અરેબિયાના ઊર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલ અઝીઝ બિન સલમાનના હવાલાથી ન્યૂઝ એજન્સીઓએ સોમવારે અહેવાલ આપ્યો હતો કે, મધ્ય પૂર્વના આ દેશે મદિનામાં યુરેનિયમ અને અન્ય દુર્લભ ખનિજો ધરાવતો આશરે 11 કરોડ ટન કાચી સામગ્રીનો જથ્થો શોધી કાઢ્યો છે.

'અરબ ન્યૂઝ'ના અહેવાલ મુજબ પ્રિન્સ અબ્દુલ અઝીઝે જણાવ્યું હતું કે, મદિના સ્થિત 'જબાલ સાયિદ' પ્રોજેક્ટ ખાતેના ઉત્ખનન અને ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસથી માલૂમ પડ્યું છે કે ત્યાં આશરે 11 કરોડ ટન ઓરનો અંદાજિત જથ્થો ઉપલબ્ધ

...અનુસંધાન પાના 4 પર

## દિશા સાલિયાન કેસ: CBIની FIRમાં અનેક હસ્તીઓના નામ

**સુશાંત** સિંહનાં પૂર્વ મેનેજર દિશાનાં કેસમાં બોમ્બે હાઈકોર્ટના આદેશ બાદ સીબીઆઈની સઘન તપાસ

**આદિત્ય** ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને રિયા ચક્રવર્તી, ડિનો મોરિયા અને સુરજ પંચોલીની ભૂમિકાની થશે સઘન તપાસ



**મુંબઈ, તા. 14:** બોમ્બે હાઈકોર્ટના કડક નિર્દેશો બાદ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ દિશા સાલિયાનના મોતના કેસમાં વિગતવાર તપાસ હાથ ધરીને નવી FIR દાખલ કરી છે. આ એફઆઈઆરમાં શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરે, તેમના પિતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, અભિનેત્રી રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શોવિક ચક્રવર્તી ઉપરાંત બોલિવૂડ એક્ટર ડિનો મોરિયા અને સુરજ પંચોલી જેવા જાણીતા નામોની ભૂમિકા અંગે તપાસ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

...અનુસંધાન પાના 4 પર

### દિશા સાલિયાનનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું

ઉલ્લેખનીય છે કે સુશાંત સિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયાનનું 8 જૂન 2020ના રોજ મુંબઈની એક ઈમારત પરથી પડી જવાથી શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું, જેને શરૂઆતમાં અકસ્માતે મોત (ADR) તરીકે નોંધવામાં આવ્યું હતું. આ ઘટનાના ગણતરીના દિવસો બાદ 14 જૂને બોલિવૂડ એક્ટર સુશાંત સિંહ રાજપૂત પણ પોતાના બાંદ્રાસ્થિત ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

...અનુસંધાન પાના 4 પર

## ચીને ૨૦૨૫માં LAC પર પોતાના દળોની તૈનાતી ઘટાડી: સંરક્ષણ મંત્રાલયનો અહેવાલ

**LAC** પર તમામ ક્ષેત્રોમાં ભારતીય સેનાની તૈનાતી મજબૂત અને કોઇ પણ સ્થિતિને પહોંચી વળવા તૈયાર છે

**નવી દિલ્હી, તા. 14 (PTI):** રક્ષા મંત્રાલયના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે ચીને ૨૦૨૫માં વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) પર પોતાના સૈનિકોની તૈનાતીમાં ઘટાડો કર્યો છે.

મંત્રાલયે તેના ૨૦૨૫-૨૬ ના વાર્ષિક અહેવાલમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૫માં ઉત્તરીય સરહદોની સામે પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ના દળોની તૈનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં એલએસી (LAC) પર અને પરંપરાગત તાલીમ વિસ્તારોમાં ૧૦ કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ કદના સૈન્ય દળો તૈનાત કરવામાં આવ્યા છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે LAC પર તમામ ક્ષેત્રોમાં ભારતીય સેનાની તૈનાતી મજબૂત, સારી સ્થિતિમાં અને કોઈપણ ઉભરતી સ્થિતિ પહોંચી વળવા તૈયાર છે. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ આવી ગયો હતો. ચાર વર્ષથી વધુ

...અનુસંધાન પાના 4 પર

## રૂપિયા 3,383 કરોડની સંપત્તિ ધરાવતા ભાજપના ધારાસભ્ય બન્યા 'ભિખારી'

**ગુરુ** નમ્રમુનિજીના આદેશથી પર્યુષણ પર્વે મોંઘી કાર અને સિક્યોરિટી છોડી

**વેશપલટો** કરી બન્યા એક દિવસ માટે ભિક્ષુક

**મુંબઈકરોની** મદદગાર ભાવના અને 'સમોસાવાળા'ની ઉદારતાની કરી પ્રશંસા



**મુંબઈ, તા. 14 (PTI):** મહારાષ્ટ્રના સૌથી ધનિક ધારાસભ્યોમાંના એક અને ભાજપના નેતા પરાગ શાહે તાજેતરમાં પોતાની સુરક્ષા, મોંઘી કાર અને કિંમતી વસ્તુઓનો ત્યાગ કરીને મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં એક દિવસ માટે ભિખારીના વેશમાં ભિક્ષા માગી હતી.

વર્ષ 2024ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં રૂ. 3383 કરોડ કરતાં વધુની સંપત્તિ જાહેર કરનાર પરાગ શાહનો ભિખારીના વેશમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેણે શરૂઆતમાં લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

રિયલ એસ્ટેટ ક્ષેત્રના સફળ બિઝનેસમેન શાહે જૈન ધર્મના પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન તેમના જૈન સંત અને આધ્યાત્મિક ગુરુ નમ્રમુનિજી મહારાજ સાહેબની સલાહ પર આ પગલું ભર્યું હતું. તેમણે એવો વેશ ધારણ કર્યો હતો કે જેથી લોકો તેમને ઓળખી ન શકે અને સુરક્ષારહિત થઈને કલાકો

...અનુસંધાન પાના 4 પર

## ગ્રીન કાર્ડની મંજૂરીને જાહેર લાભો સાથે સાંકળતા ટ્રમ્પના નિયમને કોર્ટમાં પડકાર

**ન્યૂયોર્ક, તા. 14:** ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મામદાનીએ સોમવારે જણાવ્યું હતું કે, ન્યૂ યોર્ક સહિતના શહેરોના એક ગઠબંધને ટ્રમ્પ વહીવટીતંત્રના એ નવા નિયમ સામે કેસ દાખલ કર્યો છે, જેનાથી જાહેર લાભો (સરકારી યોજનાઓ)ના ઉપયોગના આધારે ઈમિગ્રન્ટ્સને ગ્રીન કાર્ડ અને વિઝા આપવાનો અસ્વીકાર કરવાનું ફિડરલ સરકાર માટે સરળ બની શકે છે.


ડેમોક્રેટિક-શાસિત ડઝનબંધ અમેરિકી રાજ્યો, કાઉન્ટીઓ અને શહેરોએ સોમવારે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર સામે આ નિયમને રોકવા માટે દાવો માંડ્યો હતો, જે ઈમિગ્રેશન અધિકારીઓને તેવા લોકોને ગ્રીન કાર્ડ આપવાનો ઈનકાર કરવાની મંજૂરી આપશે જેઓ સરકારી કલ્યાણ યોજનાઓનો

...અનુસંધાન પાના 4 પર

### તા. ૧૪-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૭૭.૦ મીમી | મોસમનો ૧૯૭૭ મીમી |
|---|---|---|
| ઉકાઈ | સપાટી આજની ૩૩૭.૯૭ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૭.૩ સે. | ૨૫.૨ સે. | ૯૭% |

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
#SelfieWithGanesh
SELFIE WITH GANESH

''ગનુદાદા'' સાથે આજીવન યાદગીરી રાખવાની તક આ વખતે ફરી ''ગુજરાતમિત્ર'' પૂરી પાડે છે. તમારા ઘર, સોસાયટી અથવા વિસ્તારના મંડપમાં બિરાજમાન ગણેશજી સાથેની સેલ્ફી અથવા ગ્રુપની સેલ્ફી પાડો અમને મોકલો અમે ''ગુજરાતમિત્ર''માં પ્રકાશિત કરી આજીવન યાદ રહે એવી આપની તસ્વીર 'સેલ્ફી વિથ ગણેશ' કોર્નરમાં છાપીશું.
તમારી ''બપ્પા'' સાથેની સેલ્ફી તમારા નામ, વિસ્તારના નામ અને મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ Instagram હેન્ડલ પર 'MESSAGE' ઓપ્શનમાં જઈ મોકલી આપો.
Gujaratmitra
માત્ર ઉપર જણાવેલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર મેસેજ કરેલી સેલ્ફી અને વિગતો જ 'ગુજરાતમિત્ર' અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે